# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે દેશના બહાદુરો સૈનિકોને યાદ કર્યા, અને કહ્યું કે ભારત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, પછી ભલે તે સંરક્ષણ ઉત્પાદન હોય, સંરક્ષણ નિકાસ હોય કે મિત્ર રાષ્ટ્રો સાથે રાજકીય સહયોગ હોય. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા શ્રી મોદીએ આજે કહ્યું કે, કારગિલ વિજય દિવસ દરેકને ગર્વથી ભરી દે છે અને લોકોને દેશના બહાદુર સૈનિકોના અસાધારણ સાહસની યાદ અપાવે છે.

(બાઇટ : KARGIL DIWAS)

'કેચ ધ રેઈન' અભિયાન વિશે બોલતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે 4 જુલાઈથી એક ખાસ રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે.

(બાઇટ : CATCH THE RAIN)

પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે દેશભરના લોકો ‘એક પેડ મા કે નામ’ અભિયાન દ્વારા પ્રકૃતિ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. તેમણે અમદાવાદના ભાડજ વિસ્તારનું ઉદાહરણ આપ્યું, જ્યાં એક જ કલાકમાં સાડા ત્રણ લાખથી વધુ છોડ રોપવામાં આવ્યા. 25 હજારથી વધુ લોકો આ પ્રયાસમાં જોડાયા. આ સિદ્ધિ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ છે.

શ્રી મોદીએ એ વાત પર પણ ખુશી વ્યક્ત કરી કે ભારતીય ગ્રે હોર્નબિલ  એટલે કે ચિલોતરો પક્ષી લગભગ 60 વર્ષ પછી ફરી એકવાર

ગીરના જંગલોમાં પોતાનું નિવાસસ્થાન બનાવી રહ્યું છે. તેમણે આ માટે ગીરમાં વર્ષોના સંરક્ષણ અને પુનઃસ્થાપનના પ્રયાસોને શ્રેય આપ્યો.

# CM MKB

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં નાગરિકો અને યુવા કાર્યકરો સાથે બેસીને મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો. શહેરના સેક્ટર-1ના મહાકાલેશ્વર મંદિરના હોલમાં મન કી બાત કાર્યક્રમના પ્રસારણની જાહેર નિદર્શન વ્યવસ્થા કરવામાં આવી હતી.

# KARGIL VIJAY DIWAS- GANDHINAGAR

ગાંધીનગરમાં કારગિલ વિજય દિવસ થીમ સાથે ફિટ ઇન્ડિયા – સન્ડેઝ ઑન સાઇકલનું આયોજન કરાયું.

ગાંધીનગરના સેક્ટર-17 સ્થિત સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં 55 BSF અને 100 ભારતીય વાયુસેનાના જવાનો તેમજ આશરે 25 નાગરિક સાઇકલિસ્ટ્સ 4 કિલોમીટરની સાઇકલ રેલીમાં ભાગ લીધો. આ રેલી મહાત્મા મંદિર થઈને SAI NCOE ગાંધીનગર ખાતે પૂર્ણ થઈ. કાર્યક્રમ દરમિયાન કારગિલ યુદ્ધમાં સેવા આપનારા BSFના ભૂતપૂર્વ જવાનોનું સન્માન કરવામાં આવ્યું.

# GUJARAT RAIN

ચારેક દિવસ સુધી ધમાકેદાર બેટિંગ કર્યા બાદ આજે રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. આજે 63 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. બનાસકાંઠાના અમીરગઢમાં દોઢ ઇંચ વરસાદ નોંધાયો છે.

બીજી તરફ અત્યાર સુધી પડેલા ભારે વરસાદની અસર જનજીવન તેમજ જળાશયો પર થઈ છે. મહેસાણામાં સાબરમતી નદી પરના હીરપુરા બેરેજમાં પાણીની આવકને પગલે બપોર બાદ પાણી છોડવાની શક્યતા છે. વિજાપુર અને હિંમતનગરના કાંઠાના ગામોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે. વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરગ્રસ્તોના પુનઃ સ્થાપન દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરાઇ છે. આજ સાંજ સુધી સર્વેની કામગીરી પુર્ણ કરી, તરત જ સહાયની ચુકવણી કરાશે. મોરબી જિલ્લાના હળવદ થી સરા માર્ગ પર આવેલા કોઝવે પરથી પૂરના પાણી સંપૂર્ણપણે ઉતરી જતાં, વાહનવ્યવહાર પૂર્વવત કરાયો છે. ડાંગ જિલ્લામાં ભારે વરસાદ બાદ પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવી રહી છે તે માટે કુલ 10 ઇમરજન્સી ટીમો કાર્યરત કરાઇ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ગ્રામ્ય અને નગરપાલિકા વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સફાઈ ઝુંબેશ, ક્લોરિનેશન યુક્ત શુદ્ધ પીવાનું પાણી, ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું રિપેરિંગ તેમજ પાણી અને ગટરની લાઈનોની ઝડપી મરામત કરવાની કામગીરી હાથ ધરાઈ છે. દરમિયાન ભારે વરસાદથી જાનહાનિના અહેવાલ પણ પ્રાપ્ત થયા છે મહેસાણા જિલ્લાના કડીમાં દીવાલ પડતા વૃદ્ધ દંપતીનું મોત થયું તો ઊંઝા ખાતે વૃક્ષ ધરાશાઈ થતા એક મહિલાનું મોત થયુ હતું.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચ આજે હરારેમાં રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા ચાર વાગ્યે શરૂ થશે. ભારત હાલ શ્રેણીમાં 2-0થી અજેય લીડ મેળવી છે.

દરમિયાન ગઇકાલે બીજા T20 મેચમાં ભારતે યજમાન ઝિમ્બાબ્વેને 90 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતાં ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 219 રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વે 18મી ઓવરમાં ફક્ત 129 રનમાં જ ઓલઆઉટ થયું.